RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 34 * Date: 23.11.2024,saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# છત્તીસગઢમાં એન્કાઉન્ટરમાં ૧૦ નક્સલવાદી ઠાર





## તમામના મૃતદેહો અને ૩ ઓટોમેટિક હથિયાર જપ્ત; જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૨૦૭ નક્સલી માર્યા ગયા

છત્તીસગઢના સુકમા જિલ્લામાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહ્યું છે. જવાનોએ ૧૦ નક્સલીઓને ઠાર કર્યા છે. ઘટનાસ્થળેથી ત્રણ ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. તેમજ, બંને તરફથી જંગલમાં સમયાંતરે ફાયરિંગ ચાલુ છે. મામલો ભેજ્જી પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. ૧ જાન્યુઆરીથી ૨૨ નવેમ્બર સુધીમાં ૨૦૭ નક્સલવાદીઓ માર્યા ગયા છે.બસ્તરના આઈજી સુંદરરાજ પીએ જણાવ્યું કે આ એન્કાઉન્ટરમાં અત્યાર સુધીમાં ૧૦ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. સ્થળ પરથી છદ્ધ-૪૭,ૈં દ્વજીછજી અને જીન્ઇ સહિત અન્ય હથિયારો પણ મળી આવ્યા છે. સુકમા એસપી કિરણ ચવ્હાણે કહ્યું છે કે આ એક મોટી સફળતા છે. જવાનો સ્થળ પર છે. જ્યારે તેઓ પાછા આવશે ત્યારે વધુ માહિતી મળશે.સુરક્ષા દળોને માહિતી મળી હતી કે ભેજ્જી જંગલમાં નક્સલવાદીઓ ભેગા થયા છે. આ પછી જવાનોને મોકલવામાં આવ્યા, જ્યાં નક્સલવાદીઓ સાથે અથડામણ થઈ. એક દિવસ પહેલા જ મોટી સંખ્યામાં નક્સલવાદીઓ ઓડિશાની રસ્તેથી ઝ્રય્ બોર્ડરમાં ઘૂસ્યા હતા. આ દરમિયાન ઓડિશા પોલીસ સાથે પણ એન્કાઉન્ટર થયું હતું. જેમાં એક નક્સલવાદી માર્યો ગયો હતો અને એક જવાન ઘાયલ થયો હતો. આ પછી છત્તીસગઢ ફોર્સ એલર્ટ પર હતી.ઓડિશા અને ગારિયાબંદની નજીક આવેલા ઉદંતી અભયારણ્યના જંગલમાં ગુરુવારે પોલીસ-નક્સલવાદીઓનું એન્કાઉન્ટર પણ થયું હતું. નક્સલવાદીઓની હાજરીની માહિતી મળતાં, ગારિયાબંદ પોલીસે સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ઓપરેશનમાં ગારિયાબંદ ડીઆરજી, કોબ્રા ૨૦૭ બટાલિયન, ઓડિશા જીંય્, સીઆરપીએફ ૨૧૧ અને ૬૫ બટાલિયનના લગભગ ૨૦૦ જવાનો સામેલ હતા.અમાદના જંગલોમાં પહોંચતા જ નક્સલવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાનોએ પણ જડબાતોડ જવાબ આપ્યો. જવાનો ભારે પડતા નક્સલવાદીઓ ભાગી ગયા હતા. પોલીસે નક્સલવાદીઓના ઠેકાણામાંથી સિંગલ શોટ રાઈફલ, નક્સલવાદી સાહિત્ય, ગરમ કપડા અને રોજિંદા ઉપયોગની વસ્તુઓનો મોટો જથ્થો જપ્ત કર્યો છે.છત્તીસગઢના બસ્તરમાં આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૫ નવેમ્બર સુધીમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે કુલ ૯૬ એન્કાઉન્ટર થયા છે. આ ૩૦૯ દિવસમાં પોલીસે જુદા જુદા જિલ્લાઓમાં એન્કાઉન્ટરમાં કુલ ૧૮૯ નક્સલવાદીઓને ઠાર કર્યા છેદિલ્હી પ્રદૂષણ- ૪ વિસ્તારોમાં AQI ૪૦૦ને પારઃ કેન્દ્રીય કર્મચારીઓને સૂચના- અલગ-અલગ સમયે ઓફિસ આવો, પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરો

## યોગી મહારાષ્ટ્ર-ઝારખંડમાં વ્યસ્ત, યુપીમાં જ વિદ્રોહથી ભાજપની ચિંતા વધીઃ ત્રણ બેઠકો પર નુકસાનની આશંકા

લોકસભા ચૂંટણીમાં થયેલા વિદ્રોહથી માત ખાયેલી ભાજપને નવ વિધાનસભા બેઠકો પર થયેલી પેટાચૂંટણીમાં પણ આવી જ સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. મતદાન બાદ વિદ્રોહને લઈને મળેલા ઈનપુટે ભાજપના ઉચ્ચ નેતાઓની ચિંતા વધારી દીધી છે. હવે પાર્ટી સ્તરે એ વાતનું આકલન કરવામાં આવી રહ્યું છે કે આનાથી કેટલું નુકસાન થયું છે. વિદ્રોહ કરનારને ચિહ્નિત પણ કરવામાં આવ્યા છે. કુંદરકી, કટેહરી અને ફૂલપુરમાં વિદ્રોહની સૌથી વધુ ફરિયાદો મળી છે. જોકે, ભાજપને શ્રેષ્ઠ પરિણામની આશા છે.

તમામ બેઠકો પર ટિકિટને લઈને ઘણા પૂર્વ સાંસદો-ધારાસભ્યો અને જૂના કાર્યકર્તાઓએ દાવો કર્યો હતો પરંતુ પાર્ટીએ ટિકિટ આપવામાં ઉતાવળ ન કરીને બેઠક પ્રમાણે જાતિગત સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની જાહેરાત કરી હતી. ઘણી બેઠકો પર ટિકિટથી વંચિત લોકો તરફથી આંતરિક વિવાદ કર્યા જવાની વાત સામે આવી છે. મઝવાં, કટેહરી, કુંદરકી અને સીસામઉ બેઠક પર તો ઉમેદવાર જાહેર થયા બાદથી જ તેની ફરિયાદો મળી રહી હતી. તેને રોકવા માટે પાર્ટીના નેતાઓએ પ્રયત્ન પણ કર્યા.

સૂત્રોના જણાવ્યા અનુસાર સૌથી વધુ ફરિયાદો કટેહરી અને કુંદરકી બેઠક પર સામે આવી છે. મઝવાંમાં પાર્ટી સિવાય ભાજપના સહયોગી દળના કાર્યકર્તાઓ તરફથી પણ ખેલ બગાડવાના પ્રયત્નના ઈનપુટ મળ્યા છે. જોકે, સહયોગી



દળોના મોટા નેતા સતત આ બેઠકો પર પ્રચાર કરીને એનડીએ ઉમેદવારોને જીતાડવાની અપીલ કરતાં રહ્યાં. તેમ છતાં સ્થાનિક સ્તરે કાર્યકર્તાઓએ વિદ્રોહ કર્યો.

મનમાની રીતે ઉમેદવારીની પસંદગી પર લોકસભા ચૂંટણીમાં પણ ભાજપમાં વિદ્રોહથી ભાજપને ભારે કિંમત ચૂકવવી પડી હતી. તમામ ૮૦ બેઠકોની જીતનો દાવો કરનારી ભાજપ માત્ર ૩૬ બેઠકો જ જીતી શકી હતી. ચૂંટણી પરિણામને લઈને ભાજપના ઉચ્ચે નેતૃત્વમાં આંતરિક વિદ્રોહ પણ સામે આવ્યો હતો. સરકાર અને સંગઠનની વચ્ચે હારને લઈને હોબાળો પણ થયો હતો. આવી જ સ્થિતિ હવે પેટા ચૂંટણીમાં પણ જોવા મળી છે. તેથી માનવામાં આવી રહ્યું છે કે અપેક્ષા અનુસાર પરિણામ ન આવ્યું તો પછી ભાજપની અંદર આરોપ-પ્રત્યારોપ જોવા મળી શકે છે.

## 'તમારા પર પણ કરી દઈશું હુમલા', યુક્રેનની મદદ કરનારા અમેરિકા બ્રિટનને પુતિને આપી ધમકી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અમેરિકા અને બ્રિટન પર હુમલો કરવાની ધમકી આપી છે. યુક્રેન રશિયા સામે યુએસ અને બ્રિટનની મિસાઈલોનો ઉપયોગ કરી રહ્યું છે. ત્યારે રશિયાએ પણ ધમકી આપી છે કે, તે આ દેશો વિરુદ્ધ બેલેસ્ટિક મિસાઈલનો ઉપયોગ કરશે. રિપોર્ટ પ્રમાણે એક ટીવી પર સંબોધન દરમિયાન પુતિને કહ્યું કે, જે લોકો યુક્રેનને મદદ કરી રહ્યા છે, તેમના પર પણ હુમલો કરવામાં આવશે. તેમણે કહ્યું કે, સામાન્ય નાગરિકોને સલામત સ્થળે લઈ જવા માટે અગાઉથી ચેતવણી જાહેર કરવામાં આવશે.

પુતિને એક ટીવી પર સંબોધન આપતાં જણાવ્યું કે, ગુરુવારે યુક્રેન પર રશિયન હુમલો, આ અઠવાડિયાની શરૂઆતમાં અમેરિકન અને બ્રિટિશ મિસાઈલો સાથે રશિયન પ્રદેશ પર યુક્રેનના હુમલાના જવાબમાં હતો. તેમણે ચેતવણી આપી હતી કે, યુએસ એર ડિફેન્સ સિસ્ટમ રશિયન મિસાઈલોને રોકવામાં સક્ષમ નથી. યુક્રેને ગુરુવારે દાવો કર્યો હતો કે, રશિયાએ રાત્રે તેના એક શહેર પર ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી. તો, અમેરિકન અધિકારીઓએ કહ્યું છે,

## મોરબીની જેલમાંથી ઇન્સ્ટાગ્રામ પર લાઈવ થયો દુષ્કર્મનો કેદી, વીડિયો સોશિયલ મીડિયા પર થયો વાઈરલ

મોરબીની જેલમાંથી દુષ્કર્મનો આરોપી ઈન્સ્ટાગ્રામ પર લાઈવ થયો હોવાની ઘટના સામે આવી છે. જેમાં આરોપી લાઈવ થતાં જેલમાં મોબાઈલ ક્યાંથી આવ્યો તેને લઈને અનેક સવાલો થઈ રહ્યા છે. બીજી તરફ, કેદી ઈન્સ્ટાગ્રામમાં લાઈવ થયાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા મોરબી જેલ ફરીથી વિવાદમાં આવી છે.

મોરબીની જેલમાં બાબુ દેવા કનારા નામનો કેદ મોબાઈલનો ઉપયોગ કરી ઈન્સ્ટાગ્રામમાં લાઈવ થયો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં સમગ્ર ઘટના સામે આવી હતી. જ્યારે જેલમાં આરોપી પાસે મોબાઈલ ક્યાંથી આવ્યો?, આરોપીને કોણે ફોન આપ્યો?, જેલમાં ઈન્ટરનેટ ક્યાંથી? સમગ્ર મામલે જેલ તંત્ર અને પોલીસની કામગીરી સામે અનેક સવાલો થઈ રહ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, જામનગરમાં યુવતી સાથે દુષ્કર્મ કેસમાં સજા ભોગવી રહેલો આરોપી બાબુ દેવા કનારા વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણા સહિત હૈદરાબાદમાં લૂંટનો પણ ગુનો




નોંધાયેલો છે. ભુજ, પોરબંદર સહિતની જેલમાં સજા ભોગવી ચૂકેલો આરોપી બાબુ છેલ્લા ૬૭ મહિનાથી મોરબીની જેલમાં હોવાની જાણકારી મળી છે.

## વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં કૌટુંબિક કાકાએ ૧૯ વર્ષીય યુવતી પર દુષ્કર્મ આચાર્યું

વલસાડ,

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં એક દુસ્કર્મ ની ઘટના સામે આવી છે. જ્યાં કપરાડા તાલુકાની ૧૯ વર્ષીય યુવતી પર કૌટુંબિક કાકાએ દુષ્કર્મ આચાર્યું છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં એક દુષ્કર્મ ની ઘટના સામે આવી છે. જ્યાં કપરાડા તાલુકાની ૧૯ વર્ષીય યુવતી પર કૌટુંબિક કાકાએ દુષ્કર્મ આચાર્યું છે. આપને જણાવી દઈએ યુવતીનાજ ફળિયામા રહેતા દૂરના પરિણીત કાકાએ બળજબરીપૂર્વક શારીરિક સંબંધો બાંધ્યા હતા. અને યુવતીનાં માતા-પિતા ઘરે ના હોય ત્યારે કૌટુંબિક કાકો તેના ઘરે પહોંચી જતો અને બળજબરીપૂર્વક શારીરિક સબંધ બાંધતો હતો.આ ઘટના અંગેની જાણ બંનેના પરિજનોને થતાં ભારે વિવાદ સર્જાયો હતો. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં એક ખેડૂત પરિવાર રહે છે. તેમની ૧૯ વર્ષની પુત્રીને નજીકમાં રહેતા પરિવારના એક પરિણીત વ્યક્તિએ બગાડી હતી. જ્યારે યુવતી ઘરે એકલી હતી ત્યારે તે યુવતીના ઘરે ગયો હતો અને તેની મરજી વિરુદ્ધ યુવતી પર અનેકવાર બળાત્કાર ગુજાર્યો હતો.અને યુવતીને ઘટના અંગે તેના માતા-પિતાને જાણ ન કરવા જણાવ્યું હતું. તેણે બાળકીના માતા-પિતાને જાણ કરશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. પરિણીત પુરુષની હરકતોથી કંટાળીને યુવતીએ તેની માતાને ઘટનાની જાણ કરી હતી. યુવતીની માતાએ પરિણીત યુવક વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## ગુજરાતમાં જંત્રી વિશે અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર; અનેક દલીલો બાદ મોટો નિર્ણય લેવામાં આવ્યો

ગુજરાતમાં જંત્રીને લઈને અત્યાર સુધીના સૌથી મહત્વના સમાચાર સામે આવ્યા છે. હવેથી વેબસાઈટ પર જંત્રીનો ડ્રાફ્ટ તૈયાર કરવાની સુવિધા ઓનલાઈન કરવામાં આવી છે. ગુજરાતમાં જંત્રીને લઈને અત્યાર સુધીના સૌથી મહત્વના સમાચાર સામે આવ્યા છે. હવેથી વેબસાઈટ પર જંત્રીનો ડ્રાફ્ટ તૈયાર કરવાની સુવિધા ઓનલાઈન કરવામાં આવી છે. ખેડૂતોની જંત્રીના ભાવમાં વધારો કરવા અને ખરીદીની કામગીરીનું યોગ્ય વળતર ન મળવા અંગે વિવિધ સંસ્થાઓ અને સંસ્થાઓ તરફથી મળેલી વિનંતીનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે જંત્રીના અલગ-અલગ ભાવ જાહેર કરવામાં આવ્યા છે. ડ્રાફ્ટ જંત્રી ૨૦૨૪ અને માર્ગદર્શિકા વેબસાઈટ પર મૂકવામાં આવી છે. આગામી ૩૦ દિવસ સુધી સૂચનો ઓનલાઈન સબમિટ કરી શકાશે. જંત્રી અંગે એપ્રિલથી નવેમ્બર ૨૦૨૩ દરમિયાન ફિલ્ડ સર્વે કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગે છૈંન્-૨૦૨૩માં જ વર્ષ ૨૦૧૧ની જંત્રીના દરો બમણા કર્યા હતા. જે હાલમાં અસરકારક છે. પ્રસ્તાવિત જંત્રીના મુસદ્દામાં, જે પછીથી અમલમાં આવશે, સાત મહાનગરોમાં એપીપી-૨૦૨૩ના દરોની સરખામણીમાં સરેરાશ દોઢથી ચાર ગણો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આ વધારો બે થી અઢી ગણો થવાનો અંદાજ છે. રાજ્યમાં ઝડપી વિકાસ અને ઔદ્યોગિક, શહેરી અને ગ્રામ્ય વિકાસ અને આર્થિક પ્રવૃત્તિઓની સતત ગતિ, બદલાતા સંજોગો અને વિકાસને ધ્યાનમાં રાખીને નવી જંત્રી તા. ૧૫-૦૪-૨૦૨૩ થી અમલમાં આવશે.

તંત્રી સ્થાનેથી..

# બજારમાં રોકાણકારોની સંપત્તિમાં ?૭.૨૫ લાખ કરોડનો વધારો

આજે ૨૨ નવેમ્બરે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ ૧૯૬૧ પોઈન્ટ (૨.૫૪%)ની તેજી સાથે ૭૯,૧૧૭ની સપાટીએ બંધ થયો હતો. નિફ્ટી પણ ૫૫૭ પોઈન્ટ (૨.૩૯%)ની તેજી રહી, તે ૨૩,૯૦૭ની સપાટીએ બંધ થયો હતો.સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૮માં તેજી અને ૨માં ઘટાડો છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૭માં તેજી અને ૩માં ઘટાડો છે. ત્નજીઈના તમામ સેક્ટોરલ ઈન્ડેક્સ ઉછાળા સાથે બંધ થયા છે.શેરબજારમાં ખરીદીને કારણે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૭.૨૫ લાખ કરોડનો વધારો થયો છે. શુક્રવાર, ૨૨ નવેમ્બરે, મ્જીઈ પર લિસ્ટેડ કંપનીઓનું એકંદર માર્કેટ કેપ રૂ. ૪૩૨ લાખ કરોડે પહોંચ્યું હતું. ૨૧ નવેમ્બરે તે અંદાજે રૂ. ૪૨૫ લાખ કરોડ હતો.

આઈટી શેરોમાં તેજી: યુએસના મજબૂત લેબર માર્કેટ ડેટાને કારણે આજના ટ્રેડિંગ સેશનમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સ લગભગ ૨% વધ્યો હતો.ૌઝ્રજી,ૈંહર્કજઅજ અને ૈંસ્ઙ્ખજૈંજ્રૈં ઈન્ડેક્સમાં ટોપ ગેઈનર્સ છે. તેઓ ૩.૫%થી વધુ વધ્યા છે.નીચલા સ્તરે વેલ્યુ બાઈંગ: શુક્રવારના વેપારમાં નીચા સ્તરે વેલ્યુ બાઈંગ જોવા મળી હતી, જેના કારણે બ્લુ-ચિપ બેંક શેરોમાં વધારો થયો હતો. ઈન્ડેક્સ હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, જીમૈં, ૈંઝ્રૈંઝ્રૈં બેન્ક વગેરે જેવા લાર્જકેપ શેરોમાં ઉછાળો જોવા મળ્યો હતો.અદાણી શેરોમાં રિકવરી: ગુરુવારના ટ્રેડિંગમાં ભારે નુકસાન બાદ અદાણી ગ્રુપની ૧૦માંથી ૯ કંપનીઓના શેરમાં તેજી જોવા મળી હતી. અદાણી ગ્રૂપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ આજે ૨%ની તેજી રહી હતી.એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કેઈ ૧.૦૨% અને કોરિયાનો કોસ્પી ૧.૧૦% ઉપર છે. જ્યારે ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૦.૪૬%ના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે.

૨૧ નવેમ્બરના રોજ, યુએસ ડાઓ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ ૧.૦૬% વધીને ૪૩,૮૭૦ પર અને જીશ્ ૫૦૦ ૦.૫૩% વધીને ૫,૯૪૮ પર પહોંચી. નેસ્ડેક પણ ૦.૦૩૩% વધીને ૧૮,૯૭૨ બંધ થયો હતો.

## કેજરીવાલનું 'રેવડી પર ચર્ચા' અભિયાનઃકહ્યું- દિલ્હીમાં ૬૫ હજાર સભાઓ કરશે, લોકોને પૂછશે- ફ્રી 'રેવડી' જોઈએ છે કે નહીં







દિલ્હીના પૂર્વ સીએમ અને આમ આદમી પાર્ટી ના સંયોજક અરવિંદ કેજરીવાલે શુક્રવારે છછઁનું 'રેવડી પે ચર્ચા' અભિયાન શરૂ કર્યું.તેમણે શુક્રવારે કહ્યું કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી નજીક છે. અમે આજથી 'રેવડી પર ચર્ચા' અભિયાન શરૂ કરવા જઈ રહ્યા છીએ. સમગ્ર દિલ્હીમાં ૬૫ હજાર સભાઓ યોજાશે. અમારી સરકારના ૬ મફત 'રેવડી' ધરાવતા પેમ્ફલેટનું વિતરણ કરીશું.તેમણે કહ્યું, 'અમે દિલ્હીમાં ઘણું કામ કર્યું છે. અમે દિલ્હીના લોકોને ૬ ફ્રી સુવિધા 'રેવડી' આપી છે. અમે દિલ્હીના લોકોને પૂછવા માંગીએ છીએ કે શું તેઓને આ 'રેવડીઓ' જોઈએ છે કે નહીં. દિલ્હી વિધાનસભાનો વર્તમાન કાર્યકાળ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ સમાપ્ત થાય છે. છેલ્લી વિધાનસભા ચૂંટણી ફેબ્રુઆરી ૨૦૨૦ માં યોજાઈ હતી, જેમાં આમ આદમી પાર્ટીએ સંપૂર્ણ બહુમતી મેળવી હતી અને ૭૦ માંથી ૬૨ બેઠકો જીતી હતી.આપણી પાસે જેટલી સત્તા છે તેટલી કેન્દ્ર પાસે કેજરીવાલે કહ્યું, 'આપના કાર્યકરો મતદારોને પૂછશે કે ભાજપે છેલ્લા ૧૦ વર્ષમાં દિલ્હી માટે શું કર્યું, કારણ કે રાષ્ટ્રીય રાજધાની અડધું રાજ્ય છે, અહીં કેન્દ્ર સરકાર પાસે એટલી સત્તા છે જેટલી આપણી પાસે છે. ભાજપ ૨૦ રાજ્યોમાં સત્તા પર છે. તેઓ એક રાજ્યમાં પણ આ મફત 'રેવડી' આપતા નથી. આ એટલા માટે છે કારણ કે તે તેમનો હેતુ નથી. આ સુવિધાઓ કેવી રીતે પૂરી પાડવામાં આવે છે તે ફક્ત છછઁ જ જાણે છે. ભાજપે દિલ્હી સરકારના કામો જ અટકાવ્યા છે.

પીએમ મોદીએ ઘણી વખત કહ્યું છે કે, કેજરીવાલ ફ્રીમાં 'રેવડી' આપી રહ્યા છે, આ બંધ થવું જોઈએ. અમે કહીએ છીએ કે હા, અમે આ ફ્રી 'રેવડી' આપીએ છીએ.

શાહ અને હરદીપ પુરીએ ખોટા વચનો આપ્યા હતા કેજરીવાલે કહ્યું કે, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને હરદીપ પુરીએ છેલ્લી ચૂંટણીમાં પૂર્વાંચાલી સમુદાયને ખોટા વચનો આપ્યા હતા. તેમણે અનધિકૃત કોલોનીઓ માટે નોંધણીનું વચન આપ્યું હતું, પરંતુ પાંચ વર્ષમાં એક પણ રજીસ્ટ્રેશન પૂર્ણ થયું નથી. ઊલટું, અમે પૂર્વાંચલના રહેવાસીઓના જીવનને સન્માન આપ્યું છે.

## સુરતમાં ચાલુ બાઈક પર જોખમી રીતે રિલ્સ બનાવતું કપલ સામે ગુનો દાખલ

સુરત,

રિલ્સ બનાવવાના ચક્કરમાં લોકો ભાન ભૂલી રહ્યા છે. અને રિલ્સ બનાવીને સોશિયલ મીડિયામાં ફેમસ થવાની લ્હાયમાં લોકો જાખમી રીતે તેમજ કાયદાનો ભંગ કરતા હોય છે. અવારનવાર સોશિયલ મીડિયા પર આવા વીડિયો વાયરલ થતા હોય છે આવો જ એક વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં કપલ ચાલુ બાઈક પર રિલ્સ બનાવી  રિલ્સ બનાવવાના ચક્કરમાં લોકો ભાન ભૂલી રહ્યા છે.

અને રિલ્સ બનાવીને સોશિયલ મીડિયામાં ફેમસ થવાની લ્હાયમાં લોકો જાખમી રીતે તેમજ કાયદાનો ભંગ કરતા હોય છે. અવારનવાર સોશિયલ મીડિયા પર આવા વીડિયો વાયરલ થતા હોય છે આવો જ એક વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં કપલ ચાલુ બાઈક પર રિલ્સ બનાવી રહ્યા છે.પ્રાપ્ત માહિતી મુજબ સુરતના એક કપલનો ચાલુ બાઈક પર જોખમી રીતે સ્ટંટ કરીને રિલ્સ બનાવતો વીડિયો વાયરલ થયો છે. આ રિલ્સમાં બંને યુવક યુવતીઓ પ્રેમાલાપ કરતાં પણ જોવા મળી રહ્યા છે. કાયદાનો જાણે ડર ન હોય તે રસ્તા પર જીવના જોખમે રિલ્સ બનાવી રહ્યા છે. આવી રીતે રિલ્સ બનાવીને પોતાને અને સાથે-સાથે એ રોડ પરથી પસાર થતા અન્ય વાહનચાલકોના જીવ પણ જોખમમાં મુકે છે.આ સ્પોર્ટ્સ બાઈક પર જોખમી રીતે સ્ટંટ કરતા વીડિયોને લઈને ભારે ઉહાપોહ મચી જવા પામ્યો છે. તેમજ પોલીસે પણ રિલ્સ અંગે તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આવો પ્રથમ મામલો નથી અગાઉ પણ રસ્તા પર સ્ટંટ કરીને રિલ્સ બનાવવાના કિસ્સાઓ પ્રકાશિત થઈ ચૂક્યા છે.

## સુરતમાં ફુલપાડામાં ગેસ લીકેજ બાદ ફ્લેશ ફાયરથી સાત યુવાન દાઝી ગયા ચાર લોકો ગંભીર હાલત

સુરત,

સુરતના ફુલપાડા અશ્વનીકુમાર રોડ બેંક ઓફ બરોડાની સામે ક્રિષ્ણા કોમ્પલેક્ષમાં એક રૂમમાં રહેતા અને જરીના કારખાનમાં નોકરી કરતા પરપ્રાંતીય યુવાનો આજે વહેલી સવારે ટિફિન બનાવવા રસોઈની તૈયારી કરતા હતા ત્યારે ગેસ લીકેજને પગલે એકત્ર થયેલા ગેસને સ્પાર્ક મળતા આગ ફાટી નીકળી હતી.ધડાકાભેર લાગેલી આગમાં ત્યાં હાજર સાત યુવાનો દાઝી જતા તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ અને બાદમાં કિરણ હોસ્પિટલમાં ખસેડાયા હતા.તે પૈકી ચાર યુવાનની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

બનાવ અંગે ફાયરબ્રિગેડના સૂત્રો તેમજ સ્મીમેર હોસ્પિટલ ખાતેથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સુરતના ફુલપાડા અશ્વનીકુમાર રોડ બેંક ઓફ બરોડાની સામે ક્રિષ્ણા કોમ્પલેક્ષના બીજા માળે એક રૂમમાં કેટલાક પરપ્રાંતીય યુવાનો ભાડેથી રહે છે અને જરીના કારખાનામાં નોકરી કરે છે.આજે વહેલી સવારે નોકરી ઉપર જતા પહેલા યુવાનો તેમનું ટિફિન બનાવવા રસોઈની તૈયારી કરતા હતા તે સમયે ગેસ લીકેજને પગલે એકત્ર થયેલા ગેસને સ્પાર્ક મળતા ધડાકાભેર આગ ફાટી નીકળી હતી.

ત્યાં હાજર ૧૬ થી ૨૯ વર્ષના સાત યુવાનો આગની લપેટમાં આવતા બચવા માટે બુમાબુમ કરતા લોકો દોડી આવ્યા હતા અને ફાયરબ્રિગેડને જાણ કરી હતી.ઘટનાની જાણ થતા કતારગામ, કાપોદ્રા અને ડભોલી ફાયર સ્ટેશનના અધિકારીઓ અને લાશ્કરો સ્થળ પર દોડી ગયા હતા અને આગ ઉપર કાબુ મેળવી દાઝેલા યુવાનોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડયા હતા.

જોકે, મોટાભાગના યુવાનો શરીરના ભાગે, માથાના ભાગે અને બંને હાથ-પગે દાઝી ગયા હોય તેમને વધુ સારવાર માટે કિરણ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

## ગાંધીધામમાં મીઠીરોહર વેલ્ડિંગ કરતાં સમયે ગેસનું ટેક્કર ફાટી જતાં બ્લાસ્ટ થયું

ગાંધીધામ,

ગાંધીધામ તાલુકાનાં મીઠીરોહર ગામ નજીક હાઈવે ઉપરબપોરે એક ગેસ ભરેલા ટેક્કરમાં જોરદાર બ્લાસ્ટ થવાની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. આ ઘટના ટેક્કરમાં વેલ્ડિંગ કામ કરતાં સમયે બની હતી. જેમાં વેલ્ડિંગ કામ કરનાર આધેડના શરીરનો અડધો ભાગ કપાઈ ગયો હતો અને ચીથડા ચીથડા ઊડી ગયા હતા. જેમાં આધેડના શરીરથી જુદો પડેલો પગ છેક ૩૦૦ મીટર દૂર ઓવરબ્રિજ ઉપર જઈને પડયો હતો.  આ અંગે ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકથી મળી માહિતી મુજબ આ બનાવ સવારે ૧૧-૩૦ કલાકે બન્યો હતો. જેમાં મીઠીરોહર હાઈવે પર અલાઉદ્દીન વોરાના પ્લોટ નજીક આવેલા જીનામ પાકગ સામે સ્મશાન પુલિયા તરીકે ઓળખાતા બ્રિજ નજીક બન્યો હતો, જેમાં ટેક્કરમાં ગેસ વેલ્ડીંગની કામગીરી દરમિયાન વચ્ચેના ભાગે મોટા અવાજ સાથે ધડાકા સાથે ફાટી ગયો હતો, આ બનાવમાં વેલ્ડિંગ કામ કરવા માટે આવેલા મૂળ ઉત્તરપ્રદેશ અને હાલે આરતી ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં ભચાઉ ખાતે રહેતા ૪૮ વર્ષીય ઈઝહાર અઝમતુલ્લા આલમ નામના આધેડ ગેસ વેલ્ડિંગ કરવા સમયે ફાટી પડેલા ટેક્કરના કારણે હવામાં ઉછળીને દૂર સુધી ફંગોળાઈ ગયા હતા.

## ભાવનગરના ચાવડીગેટ નજીક હાથલારીમાંથી શંકાસ્પદ હાલતે યુવકનો મૃતદેહ મળ્યો

ભાવનગર,

ભાવનગર શહેર અને જિલ્લો જાણે કે ક્રાઈમ હબ બની ગયું હોય તેમ રોજબરોજ નીતનવા ગુન્હાઓ અને ગુન્હાખોરી પ્રકાશમા આવી રહ્યા છે. શહેરમાં ચોરી, મારામારી, હુમલો સહિતના બનાવો સામાન્ય થઈ ગયા છે. તેવામાં આજે શહેર મધ્યે આવેલાં ચાવડીગેટ વિસ્તારમાંથી વ્હેલી સવારે એક યુવકનો હાથલારીમાં શંકાસ્પદ હાલતે મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના શરીર પરથી મળેલી ઈજાના નિશાનો તથા લારીમાંથી મળેલાં લોહીના ડાઘ જોતાં પોલીસે હત્યાની આશંકા સાથે મૃતદેહનો કબ્જો લઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સમગ્ર બનાવની વિગત એવી છે કે, ભાવનગર શહેરના ચાવડીગેટ વિસ્તારમાં આવેલાં હનુમાનજી મંદિર પાસે પડેલી એક હાથલારીમાં એક યુવકનો મૃતદેહ પડયો હોવાની જાણ થતાં જ ચોવડીગેટ પોલીસ ચોકી સહિતનોપોલીસસ્ટાફઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના માથાના ભાગે હુમલાથી ઈજા થઈ હોવાનું અને હાથલારીમાં પણ લોહી હોવાનું જણાઈ આવતાં એફએસએલની ટીમ પણ સ્થળ પર દોડી આવી હતી. અને હાથલારીમાં પડેલાં લોહીના નમૂના લઈ તે મૃતકના છે કે કેમ? તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.જયારે, બનાવને લઈ નિલમબાગ પોલીસે સ્થળ પર પંચનાનું કરી મૃતદેહનો કબ્જો લઈ પીએમ અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડયો હતો.જયારે, બનાવ અંગે સિટી ડીવાયએસપીએ જણાવ્યું કે, સવારે મળી આવેલાં અજાણ્યા યુવકના મૃતદેહને પેનલ પીએમ અર્થે હોસ્પિટલ ખસેડાયો છે. જયાં પીએમ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. જયારે, અજાણ્યો મૃતક યુવક સુરેશ ધનજીભાઈ બારીયા (ઉ.વ.આશરે ૪૫ ) હોવાનું અને તે વલ્લભીપુરનો વતની હોવાનું જણાવ્યું હતું.

## નપાણિયા નગરપાલિકા તંત્રને સુવિધા દેવાના બદલે પ્રજા ઉપર ૪૦૦ ટકા જેટલો અસહ્ય કરબોજ નાંખવાનો તકલાદી નિર્ણય કરવામાં આવ્યો

સિહોર,

નપાણિયા નગરપાલિકા તંત્રને સુવિધા દેવાના બદલે પોતાની તિજોરી જ ભરવામાં રસ હોય તેમ સિહોરની પ્રજા ઉપર ૪૦૦ ટકા જેટલો અસહ્ય કરબોજ નાંખવાનો તકલાદી નિર્ણય કરવામાં આવ્યો છે. જેને લઈ સિહોરની જનતામાં ભારે આક્રોશ ફેલાયો છે, તો ભાજપે ઉગ્ર વિરોધ નોંધાવી ટેક્સ વધારો મોકૂફ નહીં રાખવામાં આવે તો લોકોને સાથે રાખી ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન છેડવાનો નિર્ધાર કર્યો છે. સિહોર નગરપાલિકાની કચેરીના નોટિસ બોર્ડ ઉપર આજે બુધવારે ૩૦૦થી ૪૦૦ ટટકા જેટલા ટેક્સ વધારાની નોટિસ ચીપકાવેલી જોવા મળી હતી. બે વર્ષ નગરપાલિકાની બોડીની મુદ્દત પૂરી થઈ ગઈ હોય અને હાલ ચીફ ઓફિસરથી ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે. જેના કારણે રેઢિયાળ વહીવટના કારણે સિહોરની જનતાને પ્રાથમિક સુવિધા પણ પૂરતી મળતી નથી. આવા સમયે નગરપાલિકા તંત્ર દ્વારા પ્રજાને દાઝ્યા ઉપર ડામ દેવાની નીતિ અખત્યાર કરી ટેક્સમાં ૩૦૦થી ૪૦૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ મામલે સિહોર શહેર ભાજપ પ્રમુખ, મહામંત્રી, પૂર્વ કોર્પોરેટર સહિતનાઓ દ્વારા ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી ટેક્સમાં અસહ્ય વધારાનો વિરોધ દર્શાવી વેરો વધારાના નિર્ણયને મોકૂફ રાખવાની માંગ કરી હતી. આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાશે તેમ છતાં જો વેરો વધારો લાગુ કરાશે તો નગરજનોને સાથે રાખી ગાંધીચિંધ્યા માર્ગે આંદોલાત્મક પગલા ભરવાની ચિમકી ઉચ્ચારી હતી. ઉલ્લેખનિય છે કે, કડકી નગરપાલિકાને વેરાનો બોજ ઝીંકી આવક વધારવાના અભરખા ચડયા છે. પરંતુ શહેરમાં ૩૦ જેટલા મોબાઈલ ટાવરનો લાખો રૂપિયાનો વેરો વસૂલવાનો બાકી છે. તાલુકા પંચાયત, પથિકાશ્રમ, સરકીટ હાઉસ સહિતની સરકારી મિલકત તેમજ ખાનગી રહેણાંક અને વાણિજ્ય મિકલતો પાસે લાખો રૂપિયા વસૂલવાના બાકી છે. વોર્ડ નં.૨, ગુંદાળા, ટોડા, ટોડી ભડલી, રામનગર, રાજીવનગર, લીલાપીર સહિતના વિસ્તારમાં ભૂતિયા નળ-ગટર કનેક્શનો લેવામાં આવ્યા છે.

જેના કારણે પણ ન.પા.ની આવકને અસર પડી રહી છે. ત્યારે બાકીના લાખો રૂપિયાની રકમ ઉઘરાવવાના બદલે નિયમિત વેરો ભરતા કરદાતાને વેરો વધારાનો ડામ દેવો કયાં સુધી વ્યાજબી ? તે પણ સિહોરની પ્રજામાં સવાલ ઉઠયો છે. જવાબદાર ચીફ ઓફિસરે મોંઘવારી અને મંદીના સમયમાં પ્રજાના હિત માટે આવા અસહ્ય ટેક્સ વધારોનો નિર્ણય પાછો લેવો જોઈએ તેવી લોકોમાં પ્રબળ માંગણી ઉઠી

## પ્રવર્તમાન શિયાળાની ઋતુમાં બાળકોને ઠંડીથી સુરક્ષિત કરવા રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ આપી સુચના

ગાંધીનગર,

પ્રવર્તમાન શિયાળાની ઋતુમાં બાળકોને ઠંડીથી સુરક્ષિત કરવા ખાનગી શાળાના સંચાલકો શાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા બાળકો પર દબાણ કરી શકશે નહિ તેવી ચીમકી રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ આપી હતી. રાજ્ય શિક્ષણમંત્રી શ્રી પાનશેરીયાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર હરહંમેશ વાલીઓ અને બાળકોની સાથે રહી છે.

રાજ્યમાં ઠંડીના કારણે કોઈ પણ બાળકનું મૃત્યુ ન થાય તે માટે રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જણાવવામાં આવ્યું છે કે, કોઈ પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના ગણવેશને અનુરૂપ પાતળું, નિમ્ન કક્ષાના કાપડ ધરાવતું (ઠંડી ન રોકી શકે તેવું) સ્વેટર પહેરવા કોઈ પણ બાળક પર દબાણ કરી શકશે નહિ, જો કોઈ શાળાના સંચાલક એમની શાળાના નિર્ધારિત સ્વેટર બાળકને પહેરવા માટે આગ્રહ કરે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે.ખાનગી શાળાના સંચાલકોને વિનંતી સાથે મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ શાળા બાળકોને તેમના દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરવા મજબુર કરી શકશે નહિ,

તેમજ મંત્રી શ્રીએ વાલીઓને અપીલ કરી કે, કોઈ પણ બાળકને, તેના માતા પિતા ઠંડી માટે તેમના જોડે ઉપલબ્ધ ઠંડી રક્ષણાત્મક સ્વેટર, ટોપી, હાથના મોજા પહેરાવી શકશે અને કોઈ પણ ખાનગી શાળા અને અન્ય શાળા તેમાં કોઈ પણ રોક ટોક કરી શકશે નહિ જો કોઈ શાળા તેમનાં દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરાવવાનો આગ્રહ કરશે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર તે શાળા પર કડક કાર્યવાહી કરશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

## નડિયાદના ખેડા જિલ્લામાં  ૫ પાલિકામાં ૩૪ વોર્ડ બેઠકો પર ચૂંટણી યોજાશે

નડિયાદ,

ખેડા જિલ્લામાં ખેડા, ચકલાસી, મહુધા, ડાકોર અને મહેમદાવાદ નગરપાલિકાની આગામી સમયમાં ચૂંટણી જાહેર થવાની છે. ત્યારે ચૂંટણી વિભાગ દ્વારા ખેડા જિલ્લાની પાંચ નગરપાલિકાઓના વોર્ડનું નવું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી જાહેર કરવામાં આવી છે. નવા સીમાંકન મુજબ મહેમદાવાદ, ખેડા, ડાકોર અને ચકલાસીમાં ૭ વોર્ડ જયારે મહુધામાં ૬ વોર્ડ રહેશે. તંત્ર દ્વારા મતદારોની સંખ્યાના આધારે વોર્ડની સંખ્યામાં નવા સીમાંકન મુજબની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.  ખેડા જિલ્લાની પાંચ નગરપાલિકાઓની મુદ્દત પૂર્ણ થયા બાદ તત્કાલ ચૂંટણી ન યોજાતા સરકાર દ્વારા પાલિકાઓમાં વહીવટદારોની નિમણૂંક કરવામાં આવી હતી. તેવામાં ડિસેમ્બર માસના અંત કે જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં પાલિકાની ચૂંટણીઓ અંગે જાહેરનામું બહાર પડવાની શક્યતા છે. ત્યારે ચૂંટણી તંત્ર દ્વારા પાલિકાઓનું સીમાંકન કરી, વોર્ડ વાઈઝ અનામત સહિતની બેઠકોની ફાળવણી



કરવામાં આવી છે.  જેમાં મહુધા નગરપાલિકામાં ૬ વોર્ડની રચના કરાશે, જ્યારે મહેમદાવાદ, ખેડા, ડાકોર અને ચકલાસીમાં ૭ વોર્ડની રચના કરવામાં આવશે. તમામ નગરપાલિકામાં દરેક વોર્ડમાં ૪ કાઉન્સિલર ચૂંટાઈ આવશે. જેમાં ૫૦ ટકા મહિલા અનામત જાહેર કરવામાં આવી છે. પાંચ નગરપાલિકામાં કુલ ૩૪ વોર્ડ બેઠકો માટે ચૂંટણી યોજાશે. જેમાં ૬૮ મહિલા કાઉન્સિલર સહિત કુલ ૧૩૬ બેઠકો પર કાઉન્સિલર ચૂંટાઈ આવશે. ત્યારે ચૂંટણીને લઈ ઉમેદવારોએ તૈયારીઓ આરંભી દીધી છે. જિલ્લાની પાંચ પાલિકાઓમાં ૬૮ મહિલા ઉમેદવારના કારણે પક્ષના નેતાઓ મુંઝવણમાં મુકાયા છે. હાલમાં જીતેલા કેટલાય કાઉન્સિલરોની મહિલા અનામતના કારણે ટીકીટો કપાઈ જવાની શક્યતા છે. ત્યારે સત્તા મેળવવા પત્ની કે પરિવારમાંથી મહિલાને ચૂંટણીમાં ઉતારવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જોકે, વોર્ડની ફેરબદલના કારણે ઉમેદવારોની પસંદગી સહિતની બાબતોએ રાજકીય પક્ષોએ નવેસરથી ગણતરીઓ આરંભી દીધી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

ન્યુઝ ઓફ ગાંધીનગર.




**N O G S S:168**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ આઝાદી મળી
પ્રકારઃ પદ્ય  સંખ્યા ૯૫

આઝાદી કોને નથી ગમતી મુક્તપણે જીવવાની
આઝાદી કોને નથી ગમતી મુક્ત પણે લખવાની

કસબી નાં કલમને જ્યાં સુધી સ્વતંત્રતા ના મળે
કસબી મુક્તપણે જીવન જીવી નાં શકે યથાર્થે

પત્રકારત્વ પત્રકારના બુદ્ધિની ખાસિયત છે,
સાહિત્ય રૂપ સંગીત એક દીવાદાંડી સમાન છે.

મનગમતી વાતો મનની રચના મનને લોભાવે છે,
મનગમતી રચના લખવી પણ એક સ્વતંત્રતા છે.

રચી નાખ તું રચના કલમે કલમથી કોઈની યાદમાં,
વાંચી તે યાદ કરે વાચક છે મારો કોઈ યાદગીર...

મળી છે આજે આઝાદી મુક્ત પણે જીવવાની, મુક્ત પણે લખવાની
મુક્તમણે રમત રમવાની.

આવો સૌ સાથે મળી નવસર્જન સર્જન કરીએ,
કસબી બની કલમેં કલમેં નવી રચનાઓ લખીએ.
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S NO 163**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ તરસ
પ્રકારઃપદ્ય રચના  શબ્દઃ૮૮

આવીને હરિ તું દેને દરસ!
હરિ મિલનની લાગી તરસ..
નયન મારાં નિહારે વાટ..!
મને હરિ મિલનની લાગી તરસ..

તારા વીણ કોને નિહાળું!
તારા વીણ કોને સાંભળું!
તારા વીણ કોઈ નથી મારૂં!
મને હરિ મિલનની લાગી તરસ..

સેવા ને સત્કાર્ય કરીને,
હરિ સેવામાં લીન બનીને,
નિહાળું..સંભારૂં..સ્વીકારું તને,
મને હરિ મિલનની લાગી તરસ..

કરું તને અંતર થી પોકાર!
વિરહની વેદનાની વાત!
છે આ દીલની સાચી વાત,
મને હરિ મિલનની લાગી તરસ..

શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી,'મૌની'વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 205**
વિષય : મનગમતી રચના
શીર્ષક : હે કમૌસમી વરસાદ
પ્રકાર : અછાંદસ  - શબ્દો : ૧૩૦

હે કમૌસમી વરસાદ તને વરસવાની શું જરૂર પડી આજ.
હે? કમૌસમી વરસાદ
તને ક્યાં ખબર છે કે ખેડુત ના શું થયા છે હાલ.
શું આવી હતી તારી ચાલ.
ખેડૂતનાં મોઢે આવેલો કોળિયો છિનવી ને તું રાજી થયો આજ. હે કમૌસમી વરસાદ.
વ્હા કુદરત વ્હા આ છે તારી રીત.

તે કયારેય ખેડુતની ન થવા દિધી જીત.
ઢોર ખાય, મોર ખાય, ચોર ખાય તે વાત તો મેં જાણી
પણ આજ જગતનો પાલનહાર,જગતના તાતનું ખાય તે વાત મારા માટે અજાણી.
હે કમૌસમી વરસાદ તને શું વરસવાની જરૂર પડી આજ.

જેને રાત દિવસ મહેનત કરી ને તે મહેનત ઊપર તે પાણી ફેરવી દિધું, ને તે તારૂં ધાર્યું કર્યું આજ.

હે મારા નાથ હવે તારા ઊપર કેમ કરવો વિશ્વાસ.

હવે આ પથીક તને બે હાથ જોડીને વિનવે, ખેડુતોની પુરી કરજે આશા તું આજ.

- પથીક ઉર્ફ વિજયસિંહ બાબુભા ઝાલા
ગામ : ઢવાણા, હળવદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 219**
વિષય : મનપસંદ
શીર્ષક : ઢળતી સાંજ, વહેલી પરોઢ
પ્રકાર : માઈક્રોફિક્શન  - શબ્દો : ૮૭

એક ગામ હતું. ગામમાં બધા સૌ હળીમળીને રહેતા હતા. ગામ વચ્ચે એક કાકા એકલા રહેતા હતા. તેઓ નિ : સંતાન હતાં. તેમની ઉંમર પાકટ થઈ ગઈ હતી. તેમને જમવાનું ગામમાંથી આજુબાજુનાં પડોશીઓ આપી જતા હતા. કાકા બહુ ગુણિયલ અને આગવી કોઠાસૂઝ ધરાવતા વ્યક્તિ હતા. કાકા પાસે નાનાં બાળકો દરરોજ વાર્તા સાંભળવા આવતા. આ બાળકો એટલે કાકાની ઢળતી સાંજના વહેલી પરોઢની સમી લાકડી. ઢળતી સાંજના વૃદ્ધાવસ્થામાં ફૂલમાંથી કળી ખીલે એમ કાકા પણ બાળકોને જોઈને ખીલી ઉઠતા. કાકા બાળકોને કે'તા કે 'દરેકનાં જીવનમાં ઢળતી સાંજ, વહેલી પરોઢ જેવી હોવી જોઈએ.'

નયના જગદીશકુમાર સોલંકી ' આંખો ' સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
વિષય : મન પસંદ રચના
શીર્ષક : કોઈ નો મીજાજ નથી હોતો....
પ્રકાર - પદ્ય  શબ્દો : ૧૪૧

મૌન રહી ને જે નક્કર કાર્ય કરે, એનો આવાજ નથી હોતો,
પડદા પાછળનો કિરદાર,તાળીઓનો મોહતાજ નથી હોતો.

એતો ઓળખાઈ જાય છે હજ્જારો ની મેદની વચ્ચે પણ,
ક્યારેય જુવો તો હદય સમ્રાટના મસ્તકે તાજ નથી હોતો.
નિષ્ફળતા થી હારી ને હથિયાર મૂકી દેવા કંઈ યોગ્ય નથી
નિશાન ચુકી પણ જાય,હર કોઈ શિકારી બાજ નથી હોતો.

આતો સમય ને સંજોગ ઝુકાવે એટલે ઝૂકે છે માનવી અહી,
બાકી માન મૂકી માથું નમાવાનો કોઇનો મિજાજ નથી હોતો.

આંધળો વિશ્વાસ મુકે છે એ કૌમ પર લોકો આંખ મીચીને,
જ્યાં એકવાર બોલ્યા પછી ફરી જવાનો રિવાજ નથી હોતો.

તમે છાતી ફાડો કે આંખે આખા જમીનમાં ઉતરી જાઓ પણ,
શંકા નો કીડો સળવળે પછી વહેમ નો કોઈ ઈલાજ નથી હોતો.

આડેધડ રૂપિયા ઉડાડી દેનારા છોકરાઓ શું જાણે " મિત્ર " કે,
બાપ કેવી રીતે કમાય છે રોટલો એનો એને અંદાજ નથી હોતો.

વિનોદ સોલંકી " મિત્ર " લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 366**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ તારી હસી
શબ્દ સંખ્યાઃ ૧૧૩

તારી મંદ મંદ હસીની શું તારીફ કરું?
લાગે જાણે સ્વર્ગમાંથી ઉતરી આવી તું

તારા હાસ્યની છોળો ઉડી બાગમાં
ફૂલ બધાં ખીલી ઊઠ્યાં તારા સ્વાગતમાં

તારી મુસ્કાનની એવી જાદુગરી
થઈ શર્મશાર પેલી મ્યાન કટારી

ઉડીને આંખે વળગે તારું સ્મિત
પળવારમાં બંધાઈ જાય જન્મો જનમની પ્રીત

તારા ખિલખિલાટ હાસ્યનો એવો પડે પડઘો
ગગન ભેદીને પહોંચે સીધો સ્વર્ગલોક

તારા જરાક જેટલાં સ્મિત પાછળ ઓળઘોળ થાઉં
માંગ તું જે માંગે એ અબઘડી લઈ આવું.

તારી ખુશીઓને લાગે નહીં કોઈની નજર
લાવ કાન પાછળ કાજળનું ટપકું લગાવું.

યોગી ઉમા 'શબ્દ સ્યાહી '

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'સ્વ રચિત મનગમતી રચના'
શીર્ષક :- 'પ્રથા હશે.'
પ્રકાર :- પદ્ય ગઝલ (શબ્દો :- ૧૧૯)

જળમા રહીને તરસ્યા રહેવું, માછલીની પ્રથા હશે,
ઉદય, અસ્ત ને સ્થિર રહેવું, સુરજની પ્રથા હશે.

લોભામણા છે ઓશ બિંદુઓ, ઉડીગયાની વ્યથા લઈ,
ખોબો ભરી પાણી મળે કે ન મળે, ચાટવાની પ્રથા હશે.

આશાને અમર ભલે કહો, તૃપ્તિ કયારેક જ થઇ હશે,
રોજ જિજિવિષાના ઝુલણાં જાલી, ઝુલવાની પ્રથા હશે.

જીંદગીનો પણ કેવો મરોડ છે, મનભરીને માણી લો,
હતાશાને બાળ જન્મે, નામ, આશા આપવાની પ્રથા હશે.

કોઇ ઊડાન એવી પણ હશે, જે ગગનને માપી લેય,
નિરાશા ખોતરવી રે'વાદે, લોહી વહેવાની પ્રથા હશે.

અમરતા પામવા હક્ક નથી, આશાને અમર કાં કહો ?
સ્વાગત કર મૃત્યુનું, અતિથિ બની આવવાની પ્રથા હશે.

'સ્વજન' તું સાગમટે જીવીલે, સમયને સાથ આપીને,
જળમા મીન પ્યાંસી, તો, જગમા તરસ્યાની પ્રથા હશે.

શ્રી યોગેશભાઇ પંડ્યા ' સ્વજન 'જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:201**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ મધદરિયે
પ્રકાર :પદ્ય શબ્દોઃ ૬૧

અજબ જંગ છેડાય મધદરિયે,
તું દિલમાં હામ જગાવજે હૈયે.

હૈયે હિંમત તણું હલેસું લઈને,
સફર સુહાની કરજે મધદરિયે.

જો સંકટ મંડરાય મધદરિયે તો,
સઢને વાળી વધજે તું મધદરિયે.

તોફાન ભલે ને માર્ગ અટકાવે,
કુશળતાથી ઝઝૂમજે મધદરિયે.

વંટોળ નાવને ડગમગાવે કદીક,
મક્કમતાથી તું વધજે મધદરિયે.

પ્રચંડ આત્મવિશ્વાસ પ્રગટાવજે,
હિંમત અગર ડગમગે મધદરિયે.

જો અતિ મુશ્કેલ લાગે સફર તો,
પ્રભુનું સ્મરણ કરજે મધદરિયે.

? પૂર્વી સુનીલ પટેલ. "ઈશાની "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 181**
વિષય : મનપસંદ રચના
શીર્ષક : "સુનો માંડવો , સુનું ઘર"
પ્રકાર : પદ્ય  - શબ્દો : ૧૪૨

સુના સુના મારા આંગણિયાને, સુની રે પડી છે
ઘરની ગલી
જ્યાં હરતી ફરતી,રમતી જોવા મળતી હતી
મારી ઢીંગલી...

ઘરમાં આવતા જ જેના આવતો જાણે ભૂકંપ,
જેના ટહુકાથી રણકતી હતી ખુશીઓની સરગમ...

કપડાંની ઘડીઓ ખોલી,ઈસ્ત્રી કરવા નાંખતી,
નવા કપડાંથી ભરેલા કબાટમાં પણ રોજ નવા જ કપડાં માંગતી...

ઘર ઘર રમતા રમતા બનતી ઢીંગલી,બની ગઈ
ઘરની નવી વહુ
બની પતંગિયું ઉડતા
આભાર - નિહારીકા રવિયા ઉડતા આજકાલ એને
ઘરમાં ગોતું હું ..
ચિત્રીને કેટલીય ભીંતોમાં પાડી લિસોટા,
હવે એના હાથના છાપા ભીંતોમાં સાચવી રાખું..

એ વ્હાલસોયી દિકરીને તોફાન કરતા,કયારેક દેખાડી હતી આંખો મોટી,
એ આંખોમાં આવેલા ટીપાંમાં જ એને જ શોધું છું હું
ક્યાં ગઈ જે ખોળામાં આળોટી....

પાલવ પકડી મોટી થઈ,વિંખી નાંખતી'તી સાડલો,
ઓળંગી ગઈ એ તો ઉંબરો મુકી સુનસામ ઘરનો ઓટલો..

લઉં ઓવારણાં નજર ઉતારી, ટપકું કાળું કરી
"કૌસુમી "આશ મનમાં એવી રાખીશ,
જનમ આપી સુખી કરી તે મને,તું પણ રહે સદાસુખી મારા અંતરના છે આશિષ...
સુરમી બધેકા, "કૌસુમી "??-મુંબઈ

# ભારત દેશ કૃષિ પ્રધાન દેશની સાથે સાથે ઉદ્યોગો પણ આગળ વધે તે જરૂરી છે પરંતુ ઉદ્યોગો ખેતીના ભોગે, રાજ્યની તિજોરીને નુકશાનકર્તા ન હોવું જોઈએ. ઉદ્યોગો ભ્રષ્ટાચાર વિહીન હોવા જોઈએ

ભારત દેશ કૃષિ પ્રધાન દેશની સાથે સાથે ઉદ્યોગો પણ આગળ વધે તે જરૂરી છે પરંતુ ઉદ્યોગો ખેતીના ભોગે, રાજ્યની તિજોરીને નુકશાનકર્તા ન હોવું જોઈએ. ઉદ્યોગો ભ્રષ્ટાચાર વિહીન હોવા જોઈએ. ગુજરાતમાં વર્ષ ૧૯૯૨-૯૩ માં સૌથી વધારે મુડી રોકાણ આવ્યું હતું. તત્કાલીન કોંગ્રેસ સરકારનાં પ્રયાસો હતા કે ઉદ્યોગો આવે જેમાં સરકારનો મુખ્ય ધ્યેય ખેતીને નુકશાન ન થાય, કોઈ ઉદ્યોગને મોનોપોલી ન થાય તે રીતે સર્વ સમાવેશી કેટલીક નીતિઓ બનાવી હતી. ભાજપ સરકારની ''પ્રજાને લૂંટો, સરકારની તિજોરી લૂંટો'' પ્રકારની નીતિ રહી છે ત્યારે અદાણી ગ્રુપ દ્વારા અપાયેલી ૨૧૦૦ કરોડની લાંચના અતિગંભિર આરોપોની સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા સંપૂર્ણ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને રાજ્યસભા સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં જામનગર ખાતે એશિયાની સૌથી મોટી રીફાઈનરીની રીલાયન્સ અને એસ્સાર બન્નેને કંપનીઓ વચ્ચે સ્પર્ધા હોવા છતાં સ્થાપના કરવામાં આવી. જેનો લાભ ગુજરાત અને સમગ્ર દેશને મળી રહ્યો છે. આદિવાસી વિસ્તારના વિકાસ માટે પંચમહાલ જીલ્લામાં કાર ઉત્પાદન કરતી જનરલ મોટર્સના પ્લાન્ટની સ્થાપના કરીને સ્થાનિકોને રોજગારીની મોટી તકો ઉભી કરવામાં આવી. ભાજપના મળતીયા ઉદ્યોગપતિઓ માટે કોઈ નિયમ નહિ કે કોઈ કાયદો નહિ. ''ન ખાઉંગા ના ખાને દુંગા''ની વાતો કહેતી ભાજપના રાજમાં આજે સામન્ય માણસ બોલતો થયો છે. ''મોદી અદાણી ભાઈ ભાઈ તિજોરી લૂંટી મલાઈ ખાઈ''. જનતા ની તિજોરી લૂંટાઈ રહી છે.

અમેરિકામાં રોકાણકારો નાં હિતના રક્ષણ માટે સંસ્થા સિક્યોરિટીઝ એક્સચેન્જ કમિશન (જીઈઝ) દ્વારા કરવામાં આવેલો આરોપ એ છે કે ગૌતમ અદાણી અને સાત સહયોગીઓએ ભારતમાં ઊંચી કિંમતના સોલાર પાવર કોન્ટ્રાક્ટ્સ મેળવવા માટે ૨,૦૦૦ કરોડ (ઇં૨૫૦ મિલિયન)ની લાંચ યોજનાનું આયોજન કર્યું હતું. યુ.એસ.ના આરોપમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ૨૦૨૦ અને ૨૦૨૪ ની વચ્ચે, અદાણી અને તેના સહયોગીઓએ ૧૬,૦૦૦ કરોડ (ઇં૨ બિલિયન) થી વધુનો નફો મેળવવાના અનુમાનિત કરારો સુરક્ષિત કરવા માટે ભારત સરકારના અધિકારીઓને લાંચની ઓફર કરી હતી. આ કોન્ટ્રાક્ટ આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, જમ્મુ અને કાશ્મીર, ઓડિશા અને તમિલનાડુ રાજ્યોમાં હતા.આમાંથી ચાર રાજ્યોમાં વિપક્ષી દળોનું શાસન છે, ત્યારે જમ્મુ અને કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન હેઠળ સીધું કેન્દ્રનું શાસન હતું. રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા ભાજપ શાસિત રાજ્યોમાં વધુ પડતી કિંમતના સોલાર પાવર માટેના તાજેતરના કોન્ટ્રાક્ટ સમાન પેટર્ન સૂચવે છે.

અદાણી સાથે વડાપ્રધાનના ગાઢ સંબંધો અંગે ''હમ અદાણી કે હૈ કૌન'' ૧૦૦ પ્રશ્નો કોંગ્રેસ પક્ષ દ્વારા કરાયા હતા. અદાણીના એરપોર્ટ, બંદરો, મીડિયા કંપનીઓ અને સિમેન્ટ પ્લાન્ટના અધિગ્રહણની સુવિધા આપવા માટે વડાપ્રધાનની સતર્ક નજર હેઠળ કરવામાં આવ્યો છે. તેમ છતાં કોઈપણ પ્રકારની નિષ્પક્ષ તપાસ કરવામાં આવી નહી. તેનાથી વિપરીત વિપક્ષી રાજનેતાઓને નિશાન બનાવવા, વિપક્ષી દળોને તોડી પાડવા અને વિપક્ષના મુખ્યમંત્રીઓને જેલમાં ધકેલી દેવા માટે સતત એજન્સીઓનો દુરુપયોગ થાય છે. વ્હાઈટ કોલર ક્રાઈમ-સેબી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી), સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટની તપાસ કરવાનું કામ સોંપવામાં આવેલી સંસ્થાઓ- વિશ્વાસપાત્ર આરોપો છતાં અદાણીની તપાસ કરવામાં નિષ્ફળ ગઈ છે એટલું જ નહી ઉચ્ચ અધિકારીઓના આદેશથી તેમની થોડી તપાસ અટકાવવામાં આવી હતી.

આ કારણે અદાણી સામેની તપાસ અમેરિકા જેવા આંતરરાષ્ટ્રીય ન્યાયક્ષેત્રમાંથી બહાર આવી રહી છે. તો પછી, યુ.એસ.માં આ ગુનો કેમ બને છે? ગૌતમ અદાણી અને તેના સહયોગીઓ સામેના આરોપમાં ખાસ કરીને ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (હ્રઁઇ) અને ફેડરલ સિક્યોરિટીઝ કાયદા હેઠળ યુએસર્(જીઇ) કાયદાના ઉલ્લંઘનનો સમાવેશ થાય છે. હ્રઁઇ યુએસ વ્યક્તિઓ, વ્યવસાયો અને યુએસ સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ વિદેશી સંસ્થાઓને અથવા વિદેશી અધિકારીઓને લાંચ આપવાથી યુએસ સંબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ થવા પર પ્રતિબંધ મૂકે છે. અદાણીના સહીયોગીઓ પર યુએસ રોકાણકારોને ગેરમાર્ગે દોરવા માટે સિક્યોરિટીઝ છેતરપિંડીનો પણ આરોપ છે. અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ પર આ પ્રવૃત્તિઓ જાહેર કર્યા વિના યુએસ રોકાણકારો પાસેથી ઇં૧૭૫ મિલિયનથી વધુ એકત્ર કરવાનો આરોપ છે, આમ ફેડરલ સિક્યોરિટીઝ કાયદાનું ઉલ્લંઘન કરે છે. આરોપોમાં છેતરપિંડી કરવા માટે ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારનો ઉપયોગ ''બ્રાઈબરી નોટ'' સમાવેશ થાય છે. યુએસ રોકાણકારો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી ઈલેક્ટ્રોનિક માધ્યમથી લાંચ ષડયંત્રને યુએસ કાયદા હેઠળ છેતરપિંડી નોંધાય છે.

૧. ભારતમાં લાંચ એ ગુનો છેઃ ભારતીય કાયદા હેઠળ પણ લાંચ ગેરકાનૂની છે, અને યુ.એસ.માં તે ગુનો છે કે કેમ તે ભારતીયો માટે ગૌણ છે.

૨. સેબીના નિયમોનું ઉલ્લંઘનઃ આરોપ દર્શાવે છે કે અદાણીએ ખોટો દાવો કર્યો હતો ભારતીય સ્ટોક એક્સચેન્જો કે કોઈ તપાસ ચાલી રહી નથી, તે સેબીના નિયમોનો સ્પષ્ટ ભંગ છે.

૩. વીજળીના ભાવો પર અસરઃ અદાણી જૂથના કૌભાંડોમાં સીધો વધારો થયો છે

આરોપમાં ૈંજીઁસ્જી એ સુનિશ્ચિત કરવા માટે લાંચ ચુકવવામાં આવી હતી કે તે ગ્રાહકોને ખર્ચ સાથે વધુ કિંમતે સોલાર પાવર ખરીદે છે એવો આક્ષેપ કરવામાં આવ્યો છે. વધુમાં, કોલસા અને પાવર સાધનોના ઓવર-ઈન્વોઈસિંગના ભૂતકાળના આક્ષેપોએ પણ વીજળીના ભાવમાં વધારો કર્યો હતો. દાખલા તરીકે, ઈન્ડોનેશિયાથી ગુજરાતના મુન્દ્રામાં નિકાસ કરવામાં આવતા કોલસામાં ભારતમાં પહોંચતા પહેલા ૫૦%નો રહસ્યમય ભાવ વધારો જોવા મળ્યો હતો. અદાણી પાવર દ્વારા ખરીદવામાં આવેલ આ અતિશય કિંમતના કોલસાને કારણે ગુજરાતમાં ૨૦૨૧ અને ૨૦૨૨ ની વચ્ચે વીજળીના દરો બમણા થઈ ગયા.

કોલસાના ઓવર-ઈનવોઈસિંગમાંથી મળેલા ભંડોળનો ઉપયોગ કથિત રીતે સેબીના નિયમોનું ઉલ્લંઘન કરીને અદાણી ગ્રુપની કંપનીઓમાં બેનામી હોલ્ડિંગ બનાવવા માટે કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિઓએ કૃત્રિમ રીતે અદાણીના શેરના ભાવમાં વધારો કર્યો, જેનાથી શેરબજારમાં ૧૦ કરોડ ભારતીય રોકાણકારો માટે જોખમ ઊભું થયું. સુપ્રીમ કોર્ટની એક્ઝિક્યુટિવ કમિટીએ તેને બે મહિનાની સમયમર્યાદા આપ્યા પછી ૨૦ મહિના પછી પણ અદાણીની તપાસ પૂર્ણ કરવામાં સેબીની નિષ્ફળતા સાથે જીઈઝની નિર્ણાયક ક્રિયાઓ તીવ્રપણે વિપરીત છે. સેબીના ચેરપર્સન માધવી બૂચના અદાણી સાથેના નાણાકીય સંબંધો આ વિલંબ અંગે ગંભીર ચિંતા પેદા કરે છે.

# વૃક્ષમ શરણં ગચ્છામી : પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે



## ચાલો સૌ સાથે મળી સદભાવના વૃદ્ધાશ્રમના ૧૫૧ કરોડ વૃક્ષોના વાવિને ઉછેર કરવાના સંકલ્પમાં સહભાગી- સદભાગી બનીએ

જંગલોનું રક્ષણ થાય, પર્યાવરણ સંવર્ધન થકી દેશમાં સમૃદ્ધિ આવે એ હેતુથી વૃક્ષોનું વાવેતર કરવું અતિઆવશ્યક છે. વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહી પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને ક્યારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરુણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર,આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાય શકે છે, પણ પ્રાણીઓ ? આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓનાં નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોનાં કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાના કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં,વિસ્તારમાં ઘુષણખોરી કરી છે, પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુષણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જ્યાં ઈલેક્ટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે, ૩૫ રૂપિયાનાં પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બનડાયોક્સાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાનાં પાણીનું રીસાયકલીંગ, ૩% તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યક્તિ દ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે. વન અને વન્યજીવો પ્રત્યે સૌમાં કરુણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપત્તિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે તેવા પ્રયાસો કરવા જોઈએ. ચાલો સૌ સાથે મળી સદભાવના વૃદ્ધાશ્રમના ૧૫૧ કરોડ વૃક્ષોના વાવિને ઉછેર કરવાના સંકલ્પમાં સહભાગી- સદભાગી બનીએ.

# જૂનાગઢ ભવનાથના મહેશ ગીરી ના હરીગીરી સામે ગંભીર નાણાકીય આક્ષેપો જુના અખાડાના પત્ર દ્વારા મીડિયા સામે કરાયા..



ભારતીય જનતા પાર્ટીને પાંચ કરોડ અને બે કલેક્ટરને પણ પૈસા અપાયાના આક્ષેય. સંત સાધુ સમાજમાં સૌથી મોટો ખળભળાટ. આ પત્રની શું સાચી કાયદાકીય ખરાઈ થશે ખરી અને સરકાર કરવા દેશે પણ કરી?

મીડિયા સમક્ષ કોને કેટલા રૂપિયા અપાયા તેનો રકમ સાથે પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો.

ભારતીય જનતા પાર્ટીને પાંચ કરોડ, કલેક્ટર આલોકકુમાર પાંડે ને ૫૦ લાખ, કલેક્ટર રાહુલ ગુપ્તાને ૫૦ લાખ, મંડલેશ્વર વિશ્વંભર ભારતી બાપુ ને ૫૦ લાખ, સિંહેશ્વર ગીરી મહંતને ૨૫ લાખ, મહાદેવ ગીરી ને ૨૫ લાખ મુક્તાનંદ ગીરીબાપુ કમંડલકુંડ મહંતને ૨૫ લાખ, શિવ ધુણા વાળા મહંતને ૧૫ લાખ સેવા દેવી પુનિતાચાર્ય ને ૧૫ લાખ. જયશ્રી ગીરી મહામંડલેશ્વરને ૨૫ લાખ જેવી રકમો અપાયાના ગંભીર આક્ષેપો થયા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચિંતન શિબિરના પ્રારંભ પહેલાં શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા



## મુખ્યમંત્રીશ્રીના હસ્તે સોમનાથ ટ્રસ્ટના માહિતી કેન્દ્રમાં પ્રસારિત થનાર શ્રદ્ધાળુઓ માટેની ઇન્ફોર્મેટીવ ડોક્યૂમેન્ટરીનું વિમોચન

---

રાજ્ય સરકારની ૧૧ મી ચિંતન શિબિરમાં સહભાગી થવા સોમનાથ પહોચેલા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ભાવપૂર્વક પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કરી સોમેશ્વર પૂજા કરી હતી.સોમનાથ મંદિર ખાતે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જે. ડી.પરમાર અને સચિવ શ્રી યોગેન્દ્રભાઈ દેસાઈએ મુખ્યમંત્રીશ્રીનું પૂષ્પગુચ્છ વડે સ્વાગત અભિવાદન કર્યું હતું.મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા અને ગંગાજળ અભિષેક કરી શ્રી સોમનાથ મહાદેવને પૂજા સામગ્રી અને પુષ્પમાળા અર્પણ કરી હતી.મુખ્યમંત્રીશ્રી સાથે વન અને પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ શ્રી સોમનાથ મહાદેવની સોમેશ્વર પૂજા કરી ધન્યતા અનુભવી હતી.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલેસોમનાથ મહાદેવની પૂજા અર્ચના કરીને રાજ્યના સૌ નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ ટ્રસ્ટના માહિતી કેન્દ્રમાં પ્રસારિત થનાર શ્રદ્ધાળુઓ માટેની ઈન્ફોર્મેટીવ ડોક્યુમેન્ટરીનું વિમોચન પણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી સાથે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જે.ડી.પરમાર, સેક્રેટરી શ્રી યોગેન્દ્ર દેસાઈ, જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# દહેજ ઈન્ડસ્ટ્રીયલ એક્સપો માં પાર્કિંગની અપૂરતી સુવિધાથી મુલાકાતીઓ પરેશાન.પરેશાન..પરેશાન..



દહેજ ઈન્ડસ્ટ્રીયલ એક્સપો હાલ માં દહેજ ખાતે યોજાઈ રહ્યો છે જેમાં પાર્કિંગ ની વ્યવસ્થા પ્લૉટ માં ગોઠવેલી છે તે જગ્યા અપૂરતી હોવાને કારણે વિઝિટરોને ગાડી પાર્કિંગ માં મૂકવાની ભારે મુશ્કેલી પડી રહી છે.ગુજરાત રાજયના અનેક જિલ્લાઓ તથા રાજ્ય બહારથી મુલાકાતીઓ એક્સપો ની મુલાકાત લેવા માટે આવતા હોઈ છે ગતરોજ અને આજરોજ એક્સપો વાળા પ્લોટમાં ગોઠવેલી પાર્કિંગ ની જગ્યા ભરાઈ જતા વાહન ચાલકો એ બહારના ભાગે આવેલા રોડની આજુબાજુ ની ખુલ્લી જગ્યામાં ગાડીઓ પાર્કિંગ કરવા મજબૂર બન્યા હતા દૂર દૂર એકાદ બે કિલોમીટર સુધી ગાડીઓ પાર્કિંગ કરીને એક્સપો ના પ્લૉટમાં આવેલા ડોમ સુધી ચાલીને મુલાકાતીઓએ આવવું પડ્યું હતું અને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો હતો અને સાથો સાથ ભારે તકલીફનો સામનો પણ કરવો પડ્યો હતો હાલમાં યોજાયેલ આ એક્સપોમાં વાહન ચાલકોએ ગાડીઓ માટે અપૂરતી પાર્કિંગની વ્યવસ્થાને લઈને ભારે હાલાકી ભોગવવી પડી હતી.કેટલાક મુલાકાતીઓની પાર્કિંગની અપૂરતી વ્યવસ્થા ઊભી થવાના કારણે આવા આયોજન સામે નારાજગી પણ ઊભી થવા પામી હતી..તેવો ગણગણાટ સાંભળવા મળતો હતો. એક્સપો માં આવનાર વિઝીટર માટે પાર્કિંગની પૂરતી વ્યવસ્થા કરી શકાય તેમ ના હોય તો શા માટે આવા એક્સપોનું આયોજન કરવામાં આવે છે.? અને નાહક ના નિર્દોષ મુલાકાતીઓને હેરાન પરેશાન થાય છે.આવી સમસ્યા ઉપરથી લાગી રહ્યું છે કે એક્સપો આયોજકો તથા ઉદ્યોગ મંડળને માત્રને માત્ર નફો રળવામાં રસ છે...

# સુરેન્દ્રનગરના મેડિકલ કોલેજમાં ગુજકોમસોલના ડાયરેક્ટરનો પૌત્રની રેગિંગ કાંડમાં ધરપકડ કરવામાં આવી

સુરેન્દ્રનગર,

પાટણના ધારપુર સ્થિત મેડિકલ કોલેજમાં થયેલી હિંસામાં ધ્રાંગધ્રા ગામના પાટીદાર સમાજના યુવકના મોત બાદ ૧૫ વિદ્યાર્થીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે અને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. પાટણના ધારપુર સ્થિત મેડિકલ કોલેજમાં થયેલી હિંસામાં ધ્રાંગધ્રા ગામના પાટીદાર સમાજના યુવકના મોત બાદ ૧૫ વિદ્યાર્થીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે અને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

તે સમયે મુખ્ય ગુનાનો પ્રથમ આરોપી માલવણનો વતની હતો અને સુરેન્દ્રનગર જિલ્લાના ગુજકોમસોલના ડાયરેક્ટરનો પૌત્ર હતો, જે એક જ વિસ્તાર અને એક જ સમાજનો હોવા છતાં આ સનસનાટીભર્યા કૌભાંડમાં સંડોવાયેલો હતો. સમગ્ર જિલ્લામાં હલચલ. જો કોઈ ભણ્યું હોય, નોકરી મેળવી હોય, લગ્ન કર્યા હોય કે બીજા જિલ્લા કે પ્રદેશમાં ગયા હોય અને પોતાના જ જિલ્લામાંથી કોઈને મળે તો આનંદ જ અલગ હોય છે.

ત્યારે પાટણના ચકચારી ઉગરા કાંડના ભોગ બનેલા સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના જેસાડા ગામના આશાસ્પદ પાટીદાર યુવાન અનિલ નટવરભાઈ પટેલના મોતથી સમગ્ર પરગણા સહિત સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે. રેગિંગના કારણે મૃત્યુ પામેલ અનિલ અને ૧૫ આરોપીઓમાં પ્રથમ આરોપી અવધેશ અશોકભાઈ પટેલ, બંને સુરેન્દ્રનગર જિલ્લાના એક જ કડવા પાટીદાર સમાજના છે.

રેગિંગ કાંડના કુલ ૧૫ આરોપીઓ પૈકી અવધેશ પટેલ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના માલવણ ગામનો રહેવાસી છે અને સુરેન્દ્રનગર જિલ્લાના ગુજકોમસોલના ડાયરેક્ટર ઈશ્વરભાઈ નાથુભાઈ પટેલનો પૌત્ર છે. આમ, આરોપીઓ એ જ જિલ્લાના પાટીદાર સમાજના હોવા છતાં અને અવધેશ સિનિયર હોવા છતાં મૃતક અનિલ પટેલને મદદ કરવાને બદલે લોકોએ રોષ વ્યક્ત કર્યો હતો.

રેગિંગ કાંડના આરોપી અવધેશ પટેલનો એકમાત્ર પુત્ર જે ડોક્ટર બનવાનો હતો અને તેના વિસ્તાર અને સમાજનો હોનહાર યુવક હતો, તેને બચાવવા કે મદદ કરવાને બદલે અનિલ પટેલે તેના મિત્રો સાથે મળીને તેને એટલી હદે હેરાન કરી હતી. કે તે મૃત્યુ પામ્યો.

જેસડા ગામના નટવરભાઈ પટેલના પુત્રાનું રેગીંગના કારણે મોત થતા શુક્રવારે ધ્રાંગધ્રાના નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવવાનું આયોજન છે અને પાટીદાર સમાજ સહિત તમામ સમાજ દ્વારા આ આરોપીને કડકમાં કડક સજા કરવાની માંગણી સાથે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આરોપીઓને જે સમગ્ર દેશમાં એક દાખલો બેસાડશે. રેગિંગના કારણે પુત્રાના મૃત્યુથી પરિવાર તૂટી ગયો છે અને તેઓ શું પસાર કરી રહ્યા છે.

આ વાત ફક્ત પરિવાર જ જાણે છે. પરંતુ ગુજરાત કે દેશમાં અન્ય કોઈ વિદ્યાર્થી રેગિંગનો શિકાર ન બને તે માટે ગ્રામજનોએ કડક સજાની માંગ કરી છે.

# વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં કૌટુંબિક કાકાએ ૧૯ વર્ષીય યુવતી પર દુષ્કર્મ આચાર્યું

વલસાડ,

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં એક દુસ્કર્મ ની ઘટના સામે આવી છે. જ્યાં કપરાડા તાલુકાની ૧૯ વર્ષીય યુવતી પર કૌટુંબિક કાકાએ દુષ્કર્મ આચાર્યું છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં એક દુષ્કર્મ ની ઘટના સામે આવી છે.

જ્યાં કપરાડા તાલુકાની ૧૯ વર્ષીય યુવતી પર કૌટુંબિક કાકાએ દુષ્કર્મ આચાર્યું છે. આપને જણાવી દઈએ યુવતીનાજ ફળિયામા રહેતા દૂરના પરિણીત કાકાએ બળજબરીપૂર્વક શારીરિક સંબંધો બાંધ્યા હતા. અને યુવતીનાં માતા-પિતા ઘરે ના હોય ત્યારે કૌટુંબિક કાકો તેના ઘરે પહોંચી જતો અને બળજબરીપૂર્વક શારીરિક સબંધ બાંધતો હતો.આ ઘટના અંગેની જાણ બંનેના પરિજનોને થતાં ભારે વિવાદ સર્જાયો હતો.

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં એક ખેડૂત પરિવાર રહે છે. તેમની ૧૯ વર્ષની પુત્રીને નજીકમાં રહેતા પરિવારના એક પરિણીત વ્યક્તિએ બગાડી હતી. જ્યારે યુવતી ઘરે એકલી હતી ત્યારે તે યુવતીના ઘરે ગયો હતો અને તેની મરજી વિરુદ્ધ યુવતી પર અનેકવાર બળાત્કાર ગુજાર્યો હતો.અને યુવતીને ઘટના અંગે તેના માતા-પિતાને જાણ ન કરવા જણાવ્યું હતું.

તેણે બાળકીના માતા-પિતાને જાણ કરશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. પરિણીત પુરુષની હરકતોથી કંટાળીને યુવતીએ તેની માતાને ઘટનાની જાણ કરી હતી. યુવતીની માતાએ પરિણીત યુવક વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં એક ખેડૂત પરિવાર રહે છે.



કપરાડા તાલુકામાં રહેતા ખેડૂત પરિવારની ૧૯ વર્ષની યુવતી પર નજીકમાં રહેતા પરિવારના પરિણીત યુવકની નજર હતી. ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ, ખેડૂત પરિવારની એક છોકરી ઘરે એકલી હતી. એક પરિણીત યુવક, જે થાયરના પરિવારનો પરિચીત છે, તે રસ્તા પરથી પસાર થતો હતો ત્યારે તેના ઘરે આવ્યો હતો.

જ્યારે યુવતી તેના માટે પાણી લેવા ગઈ ત્યારે પરિણીતાએ ઘરનો દરવાજો બંધ કરીને તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. યુવતીએ યુવકને વારંવાર તેની છેડતી ન કરવા વિનંતી કરી હતી. પરિણીતાએ યુવતીને કહ્યું કે તે તેના માતા-પિતા અને પરિવારના સભ્યોને આ ઘટના વિશે ન કહે. તેણે ધમકી આપી હતી કે જો તેણી કોઈને કંઈ કહેશે તો તે તેના માતા-પિતા અને પરિવારના સભ્યોને મારી નાખશે. જે બાદ પરિણીત યુવક યુવતીની એકલતાનો ફાયદો ઉઠાવીને તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજારતો હતો.

યુવકની હરકતોથી કંટાળીને યુવતીએ હિંમત ભેગી કરી અને તેની માતા અને સંબંધીઓને ઘટનાની જાણ કરી. યુવતીના પરિવારજનો અને તેની માતાએ કપરાડા પોલીસ સ્ટેશનમાં યુવતી પર ૧ વર્ષથી સતત બળાત્કાર ગુજારનાર યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તે મામલે કપરાડા પોલીસે યુવતીનું મેડિકલ ટેસ્ટ કરાવી યુવતીનું નિવેદન નોંધી તેની મરજી વિરુદ્ધ યુવતી પર બળાત્કાર ગુજારનાર પરિણીત યુવકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. યુવતીનાં માતા- પિતાને ઘટનાની જાણ થતાં આ મામલે સમાજ રાહે યોજાયેલી બેઠકમાં કોઈ ઉકેલ નહીં આવતા બાદ યુવતીએ ફરિયાદ નોંધાવી હતી અને ફરિયાદને આધારે કપરાડા પોલીસે ગુનો નોંધી હવસખોર કાકાની ધરપકડ કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.